# Launching of USE-Foreign Currency Derivatives

| PUBLICATION | NAV NIRMAN | DATE | 27/08/2011 |
|---|---|---|---|
| EDITION | SURAT | PAGE | 10 |

## સોમવારથી SGSSI દ્વારા BSE-F & O અને USE Currency ટ્રેડિંગ શરૂ

સુરતઃ સુરતની અને સુરતના લોકો દ્વારા સ્થપાયેલી સાઉથ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિમિટેડ કે જે સુરતના પ્રથમ સ્ટોર બ્રોકર અને ૨૦ વર્ષ જૂની સંસ્થા સાઉથ ગુજરાતની પ્રથમ ડિપોઝટરી છે. આપના સાથ સહકારથી જ કંપનીએ BSE, NSEની Membership મેળવી અને આપના સાથ સહકારથી જ સાઉથ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિમિટેડ Exporter Importer તેમજ NRI અને અન્ય રોકારણકારો માટે Currency, Trading માટે United Stock Exchangeની Membership મેળવી. વધતી જતી Investment Productsની તકો અને ઓછા મૂડી રોકાણે વધુ વળતર અપાવે તે માટે Currency, Trading હાલ Traders નું ધ્યાન આકર્ષિત કરી રહી છે. United Stock Exchange માં યુએસ ડોલર, પાઉન્ડ, યુરો અને યેનમાં લે-વેચ કરી શકો છો. વધુમાં અમને જણાવતા આનંદ થાય છે કે હવેથી આપ Bombay Stock Exchange- F & O માં પણ ટ્રેડ કરી શકશો. તા. ૨૯-૮-૨૦૧૧ સોમવારથી BSE-F & O નું લોચિંગ કરતાં અમે ગર્વ અનુભવીએ છીએ. Bombay Stock Exchange- F & O ટ્રેડિંગ રોકાણકારો, ટ્રેડ શો આરબી ટ્રેડર્જ સો તેમજ હેજર્સને Futures, Call અને Put Option દ્વારા Wealth Creation માટે મહત્ત્વનું માધ્યમ બની રહેશે. વધુમાં અમો સૌ વાંચક મિત્રોનું ધ્યાન દોરવા માંગીએ છીએ, BSE-F & O કામ કરવું જોઇએ. NSE CASH SEGMENTમાં કામ કરવા કરતા SECURIEY TRANSACTION TAX (STT) 0.25% એટલે કે એક કરોડ ઉપર રૂ.૧૨,૫૦૦/- લાગે છે જે ખરીદી અને વેચાણ બંને મળીને રૂ.૨૫,૦૦૦/- થાય છે. BSE-F & O માં જો એક કરોડની ખરીદી કરો તો SECURIEY TRANSACTION TAX (STT) 0.017% એટલે કે રૂ.૧૭૦૦ લાગે છે. BSE-F & O ફક્ત એક જ એવું Exchange

અનુ. પાના ૮ પર

પાના નં. ૧૦નું શેષ

**સોમવારથી...**

છે જેમાં ફ્યુચર્સના કામકાજમાં ડિલિવરીનું ખરીદ તેમજ વેચાણ થઈ શકે છે. એટલે કે NSE CASH SEGMENT માં ડિલિવરી ખરીદ તેમજ વેચાણ કરતા BSE-F & O માં ખરીદ તેમજ વેચાણ ફાયદા કરાક નિવડશે BSE-F & O માં EXPIRY ના સમય પછી ફ્યુચર્સને ડિલિવરીમાં ફેરવવાની સુવિધા મળે છે. આ ઉપરાંત ફરી એકવાર અમને સુરતમાં National Spot Exchange Limited ની Membership લેવામાં સફળતા મળી છે, જેમાં સોના, ચાંદી, ઝીંક વગેરે જેવી Commodity માં આપ ડિલિવરી Trading પણ અમારી એસોસિયેટ કંપની યાકુબ અલી કોમોડિટી વેન્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરી શકો. આપનો સાથ સહકાર અમોને આગળ પણ મળતો રહેશે એવો અમારો વિશ્વાસ છે. Trading માટેની વધુ વિગતોની જાણકારી માટે આપ નીચેના નંબર પર સંપર્ક સાધી શકો છો.

SOUTH GUJRAT SHARES & SHAREBROKER LIMITED, 3rd FLOOR BELGIUM CHAMBER, OPP LINEAR BUS STOP, DELHI GATE, SURAT, PHONE NO :- 2601297/2454647, HARDIK MEHTA :- 9714993036

## Launching of USE-Foreign Currency Derivatives

| | | | |
|---|---|---|---|
| PUBLICATION | VYAAPAR | DATE | 27/08/2011 |
| EDITION | MUMBAI | PAGE | 10 |

# એસજીએસએસએલએ મેળવી યુએસઈમાં કરન્સી ટ્રેડિંગની મેમ્બરશિપ

અમારા પ્રતિનિધિ તરફથી
સુરત તા. ૨૬ ઑગ.

શેરબ્રોકીંગના વ્યવસાય સાથે ૨૦ વર્ષથી સંકળાયેલી દક્ષિણ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિ. કંપનીએ યુનાઈટિડ સ્ટોક એક્સચેન્જ(યુએસઇ)માં કરન્સી ટ્રેડિંગની મેમ્બરશિપ મેળવી છે.

દક્ષિણ ગુજરાતનાં લાખો રોકાણકારો અને ખાસ કરીને હીરાઉદ્યોગને ધ્યાનમાં રાખીને એસજીએસએસએલએ કરન્સી ટ્રેડિંગ મેમ્બરશિપ મેળવી છે તેમ કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટર અયુબ યાકુબઅલીએ કહ્યું હતું.

યુએસઈમાં કરન્સી ટ્રેડિંગની શરૂઆત આગામી ૨૯મી ઑગષ્ટથી થશે. સાથે જ કંપનીએ બીએસઈમાં પણ ફ્યુચર એન્ડ ઓપ્શન્સમાં ટ્રેડિંગ મેમ્બરશિપ મેળવી છે. યાકુબઅલીએ વધુમાં કહ્યું હતું કે, યુએસઇમાં કરન્સી ટ્રેડિંગ દરમિયાન યુરો, ડૉલર, પાઉન્ડ તેમજ યેનમાં કામકાજ કરી શકાશે. કંપની દૈનિક કરન્સી ટ્રેડિંગમાં રૂા. ૨ કરોડનાં ટર્નઓવરથી કામકાજ કરશે અને એક વર્ષમાં તે દૈનિક રૂા. ૫૦ કરોડનાં ટર્નઓવર સુધી પહોંચાડશે. યુએસઇમાં કરન્સી ટ્રેડિંગમાં દૈનિક ૧૭ હજાર કરોડનું ટર્નઓવર થાય છે.

કંપનીએ તાજેતરમાં નેશનલ સ્પોટ એક્સચેન્જમાં મેમ્બરશિપ મેળવી એક ગ્રામ સોનું, ચાંદી, ઝિંકનું ટ્રેડીંગ શરૂ કર્યુ છે, જેમાં કંપનીને સારો પ્રતિસાદ રોકાણકારો તરફથી મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ૪૦ હજારથી વધુ રોકાણકારો ધરાવનાર એસજીએસ એસએલ ટૂંક સમયમાં જ એક ગ્રામની ઇ ટ્રેડિંગ સિરીઝમાં મોટું માર્કેટ પ્રાપ્ત કરશે એમ તેમણે કહ્યું હતું.

કરન્સી ટ્રેડિંગમાં પણ મોટો અવકાશ છે એમ કહેતાં કહેતાં યાકુબઅલીએ ઉમેર્યું હતું કે, હીરા ઉદ્યોગનો ફેલાવો સુરતમાં વધી રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં હીરાઉદ્યોગ માટે કરન્સી ટ્રેડિંગ ફાયદાકારક સાબિત થશે.

## Launching of USE-Foreign Currency Derivatives

| | | | |
|---|---|---|---|
| PUBLICATION | DIVYA BHASKAR | DATE | 27/08/2011 |
| EDITION | SURAT | PAGE | 16 |

# સુરતમાં પહેલીવાર શરૂ થશે કરન્સી ટ્રેડિંગ

**SGSSL અને યુનાઇટેડ સ્ટોક એક્સચેન્જના સહયોગથી ૨૯મીથી લોન્ચિંગ**

ભાસ્કર ન્યૂઝ . સુરત

વિદેશમાં વસતા એનઆરઆઇ અને સ્થાનિક રોકાણકારો માટે આનંદના સમાચાર છે. પહેલીવાર સુરતમાં ૨૯ ઓગસ્ટથી કરન્સીનું ટ્રેડિંગ શરૂ થઇ રહ્યું છે. સુરતમાં જ હવે અમેરિકન ડોલર, પાઉન્ડ, યુરો, યેન જેવી કરન્સીની લે-વેચ થઇ શકશે. શહેરની ૨૦ વર્ષ જુની સાઉથ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિમિટેડ યુનાઇટેડ સ્ટોક એક્સચેન્જ. ના સહયોગથી કરન્સી ટ્રેડિંગના કામકાજ શરૂ કરશે.

એસજીએસએસએલના ચેરમેન યાકુબઅલીએ જણાવ્યું હતું કે, અમે ૨૯ ઓગસ્ટથી કરન્સીના કામકાજ શરૂ કરી રહ્યાં છે. સાથોસાથ બીએસઇના ફ્યુચર ઓપ્શનના કામકાજ પણ પહેલીવાર શરૂ થવાના છે. કરન્સીના સોદા આમ તો નેશનલ સ્ટોક એક્સચેન્જમાં થાય છે, પણ યુનાઇટેડ સ્ટોક એક્સચેન્જ સાથે કામ શરૂ કરનાર અમે પહેલાં છીએ. આને કારણે આયાત- નિકાસનો ધંધો કરનારા, એનઆરઆઇ અને હેજીંગ કરનારા લોકોને સ્થાનિક લેવલે ધંધો કરવાનું પ્લેટફોર્મ મળશે.

## કરન્સી ટ્રેડિંગ એટલે શું?

**જેવી** રીતે શેરબજારમાં વાયદામાં સોદા થાય છે તેરીતે આમાં પણ ટ્રેડિંગ થઇ શકે. ધારો કે તમને એક અથવા બે મહિના પછી ડોલર વધશે કે ઘટશે એવી ધારણા હોય તો એડવાન્સમાં તમે એ રીતે સોદા કરી શકશો. દક્ષિણ ગુજરાતના મોટાભાગના લોકો કરન્સી ટ્રેડિંગથી માહિતગાર છે. એટલે એવા લોકો માટે સુરતમાં જ ધંધો કરવાની તક મળશે. ડાયમંડનો ધંધો ડોલરમાં થતો હોવાથી તેમણે પણ લાભ થશે.